# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2026-27/76 Dt. 23/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# MOOWR સ્કીમ હેઠળ કાર્યરત એકમોની વ્યવહારિક મુશ્કેલીઓ નિવારવા ચેમ્બરે નાણામંત્રી નિર્મલા સીતારમણને કરી રજૂઆત

### MOOWR એકમો દ્વારા SEZમાં થતા સપ્લાયને 'એક્સપોર્ટ' ગણવા માગ

### એડવાન્સ ઓથોરાઇઝેશન અને EOUની જેમ MOOWR એકમોને પણ RoDTEP તથા ડ્યુટી ડ્રોબેકના લાભ મળવા જરૂરી: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### કંપની મર્જર કે બંધારણ બદલાય ત્યારે લાયસન્સ સરન્ડર કરાવવાને બદલે લાયસન્સ ઓટોમેટિક ટ્રાન્સફર કરવાની પરવાનગી આપવી જોઈએ

### ICEGATE પોર્ટલ પર બોન્ડ-ટુ-બોન્ડ ટ્રાન્સફર અને માસિક રિટર્ન માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવા માગ

**સુરત, 22 ઓગસ્ટ 2026:** કસ્ટમ્સ એક્ટ, 1962ની કલમ 65 હેઠળ અમલી 'મેન્યુફેક્ચર એન્ડ અધર ઓપરેશન્સ ઇન વેરહાઉસ રેગ્યુલેશન્સ, 2019' (MOOWR) સ્કીમ હેઠળ કાર્યરત ઔદ્યોગિક એકમોને પડી રહેલી વ્યાવહારિક મુશ્કેલીઓ અને વહીવટી અવરોધોના નિવારણ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને વિસ્તૃત રજૂઆત સહ સૂચનો કરવામાં આવ્યાં છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ નાણામંત્રીને પત્ર પાઠવી જણાવ્યું છે કે, દક્ષિણ ગુજરાતમાં ટેક્સટાઇલ, સોલાર મોડ્યુલ્સ, કેમિકલ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રના અનેક અગ્રણી ઉત્પાદકોએ MOOWR સ્કીમ હેઠળ મોટું મૂડીરોકાણ કર્યું છે. જો કે, ગ્રાઉન્ડ લેવલ પર પ્રક્રિયાગત સ્પષ્ટતાઓના અભાવે ઉદ્યોગકારો મુશ્કેલી વેઠી રહ્યા છે.

**MOOWR યોજનામાં ઉદ્યોગોના હિતમાં જરૂરી મુખ્ય સુધારાઓ:**

1. **કંપનીનું બંધારણ બદલાય ત્યારે લાયસન્સ સુધારણા:** મર્જર, ડિમર્જર કે ફર્મમાંથી કંપની બનવા જેવા કિસ્સાઓમાં નવો PAN/IEC આવે ત્યારે કસ્ટમ્સ વિભાગ દ્વારા લાયસન્સ સરન્ડર કરાવી તમામ ડ્યુટી ભરાવવાની માગ થાય છે. તેના બદલે જૂના લાયસન્સમાં જ નવો PAN/IEC સુધારી આપવાની જોગવાઈ કરવી જોઈએ.

2. **SEZ સપ્લાયને એક્સપોર્ટ ગણવો:** MOOWR યુનિટ દ્વારા SEZ અથવા FTWZ ને થતા સપ્લાયને કસ્ટમ્સ એક્ટની કલમ 69 હેઠળ 'નિકાસ' (Export) ગણવો જોઈએ.

3. **RoDTEP અને ડ્યુટી ડ્રોબેકનો લાભ:** એડવાન્સ ઓથોરાઇઝેશન, EOU અને SEZની જેમ MOOWR એકમોને પણ સ્થાનિક વેરાના રિફંડ માટે RoDTEP તથા ડ્યુટી ડ્રોબેકનો લાભ મળવો જોઈએ.

4. **સામાન્ય ફેરફારો માટે ફિઝિકલ વેરિફિકેશનમાંથી મુક્તિ:** લાયસન્સમાં HSN કોડ ઉમેરવા કે બોન્ડની રકમ વધારવા જેવા સામાન્ય ફેરફારો માટે સ્થળ તપાસને બદલે 7 દિવસમાં સેલ્ફ-સર્ટિફિકેશન આધારે મંજૂરી મળવી જોઈએ.

5. **સમયબદ્ધ મંજૂરીઓ:** MOOWR લાયસન્સ મેળવવાની મંજૂરીનો સમયગાળો નિશ્ચિત હોવો જોઈએ.

6. **ICEGATE પર બોન્ડ-ટુ-બોન્ડ ટ્રાન્સફર:** ફાયનાન્સ એક્ટ 2026 હેઠળ કલમ 67માં સુધારો કરાયો છે. તે મુજબ વેરહાઉસ ટુ વેરહાઉસ ટ્રાન્સફર માટે પૂર્વ પરવાનગી લેવાની જરૂર નથી છતાં ICEGATE પોર્ટલ પર ઉપરોક્ત કલમ મુજબનો સુધારો કરવામાં આવેલ નથી. તેથી ICEGATE પોર્ટલ ઉપર જરૂરી સુધારાઓ તાત્કાલિક ધોરણે કરવામાં આવે.

7. **ઓનલાઇન મંથલી રિટર્ન:** MOOWRનું માસિક રિટર્ન ઇ-મેઇલ કે ફિઝિકલ આપવાને બદલે ICEGATE પોર્ટલ પર જ ઓટો-એક્નોલેજમેન્ટ સાથે ફાઇલ કરવાની સુવિધા આપવી.

8. **મંજૂરીની સત્તાનું વિકેન્દ્રીકરણ:** MOOWR હેઠળ મોટાભાગના દૈનિક કાર્ય આસિસ્ટન્ટ/ડેપ્યુટી કમિશનર દ્વારા કરવામાં આવે છે. આથી કલમ 58 અને 65માં સુધારો કરી MOOWR લાયસન્સ આપવાની મંજૂરીની સત્તા જ્યુરિડિક્શનલ કમિશનરને આપવામાં આવે અને જો તેઓ દ્વારા 30 દિવસમાં અરજીઓનો નિકાલ કરવામાં નહીં આવે તો જ લાયસન્સ અપ્રુવલ માટે પ્રિન્સિપલ/ચીફ કમિશનર પાસે ફોરવર્ડ થવું જોઈએ.

9. **આગ અકસ્માતમાં ડ્યુટી મુક્તિની સ્પષ્ટતા:** અકસ્માતે આગ કે કુદરતી હોનારતમાં માલ નાશ પામે ત્યારે કલમ 23 હેઠળ ડ્યુટી માફીની સ્પષ્ટ સૂચનાઓ જારી કરવી.

10. **કલમ 65Aની અનિશ્ચિતતા દૂર કરવી:** વેરહાઉસમાં માલ પ્રવેશતી વખતે જ IGST વસૂલવાની સૂચિત કલમ 65A રદ કરવી અથવા તે લાગુ નહીં થાય તેવી સ્પષ્ટતા કરવી, જેથી રોકાણકારોમાં વિશ્વાસ જળવાય.

11. **સિંગલ-વિન્ડો ડિજિટલ પ્લેટફોર્મ:** લાયસન્સથી માંડીને ડી-બોન્ડિંગ સુધીની તમામ પ્રક્રિયા માટે ICEGATE પર સિંગલ ઇન્ટિગ્રેટેડ મોડ્યુલ શરૂ કરવું.

**ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસમાં મોટો સુધારો થશે**

ચેમ્બરના પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "આ તમામ સૂચનો પ્રક્રિયાગત સુધારા અને સ્પષ્ટતાલક્ષી છે, જેના અમલથી સરકારની તિજોરીને કોઈ મહેસૂલી નુકસાન થશે નહીં. તેનાથી ઉદ્યોગો માટે 'ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ'માં મોટો સુધારો થશે અને દેશમાં કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ તેમજ નિકાસને અભૂતપૂર્વ વેગ મળશે."

આ રજૂઆતની નકલ કેન્દ્રીય મહેસૂલ સચિવ, CBICના ચેરમેન તેમજ અમદાવાદના ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સને પણ યોગ્ય કાર્યવાહી અર્થે મોકલવામાં આવી છે.